સુરત-તાપી-ભરૂચ-નર્મદા જિલ્લાના સમાચાર

ગુજરાતમિત્ર
તથા ગુજરાત દર્પણ

બારડોલી : ૨૨૦૪૮૪ કામરેજ : ૨૫૫૨૮૯ સોનગઢ : ૯૯૦૪૫ ૮૬૬૧૧(ફેકસ ૨૨૩૫૦૪) કડોદરા : ૯૮૨૫૫ ૪૨૨૧૧ ૯૮૨૪૧ ૪૩૦૨૩ અંકલેશ્વર : ૨૫૦૦૩૮ સાયણ : ૨૪૨૩૪૩ કીમ: ૯૮૨૫૫૦૪૪૧૧ ઓલપાડ : ૯૮૭૯૦ ૩૮૫૧૧ ભરૂચ : ૯૮૨૪૧ ૨૦૪૦૦ મહુવા : ૯૪૨૭૧૨૫૬૨૫

કામરેજ બસ સ્ટેન્ડ નજીકથી લેપટોપ અને નોકિયાના નવ મોબાઈલ સાથે એક ઝડપાયો

લેપટોપ અને મોબાઈલ સાથે મીટીંગ કરનાર પ્રદીપ ઠક્કર પ્રસ્તુત તસવીરમાં નજરે પડે છે. (તસવીરઃ તુષાર નાયક, શ્રેયસ, બારડોલી)

(ગુજરાતમિત્રના પ્રતિનિધિ તરફથી)

બારડોલી, તા. ૧૦: સુરત જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચે વાહન ચેકીંગ દરમ્યાન કામરેજ બસ સ્ટેન્ડ પરથી શંકાસ્પદ હાલતમાં એક ઈસમને ઝડપી પાડવા લેપટોપ અને નોકીયા કંપનીના નવ મોબાઈલ ફોન મળી આવ્યા હતા. લેપટોપ કીમ- અંકલેશ્વર- વલસાડ, સુરત શહેર- ભરૂચ શહેરમાંથી બનાવટ કરીને વેચતા હોવાનું પોલીસ તપાસ દરમિયાન બહાર આવ્યું છે.

બનાવ અંગે પોલીસ સુત્રો દ્વારા જાણવા મળતી માહિતી મુજબ સુરત જિલ્લા પોલીસ વડા ભાટીની સૂચના મુજબ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચે અલગ અલગ ટીમ બનાવીને પેટ્રોલીંગ અને વાહન ચેકીંગ તથા શંકાસ્પદ ઈસમોની હિલચાલ બાબતે તપાસ કરવાની સૂચના આપી હતી. લોકલ ક્રાઈમ બ્રાન્ચના પો.ઈ. શર્મા અને જમાદાર પ્રકાશ પાટીલ ટીમ સાથે કામરેજ ચાર રસ્તા ખાતે વાહન ચેકીંગ કરતા હતા. આ દરમ્યાન એક ઈસમ કામરેજ બસ સ્ટેન્ડ પર શંકાસ્પદ હિલચાલ કરતા નજરે પડતાં પોલીસે ઉપરોકત ઈસમને પકડી પૂછપરછ કરતાં પ્રદીપ મહેન્દ્રભાઈ ઠક્કર હાલ રહે. ભિલાડ ઉમરગામ રોડ, મુળ રહે. ઘાટકોપર મુંબઈ તથા તેમની પાસેની એક સેમસંગ કંપનીનું લેપટોપ અને નોકીયા કંપનીના નવ મોબાઈલ ફોન મળી આવતા નવાગામ એલ.સી.બી. ચોકી પર લાવી તપાસ શરૂ કરી હતી.

પ્રદીપ ઠક્કર પાસે લેપટોપ તેમજ મોબાઈલ અંગેના કોઈ દસ્તાવેજી પુરાવા કે બીલ ન હતા પૂછપરછ દરમ્યાન પ્રદીપ ઠક્કર અલગ અલગ જગ્યાએથી કોમ્પ્યુટર તેમજ મોબાઈલ ફોનની દુકાનોમાં તથા લોકોને નોકરી આપવાની લાલચ અને પ્રલોભન આપી વિશ્વાસ પ્રાપ્ત કરી મીટીંગ કરી મેળવ્યા હતા.

લેપટોપ વલસાડ ખાતેની એસ.એમ. કમ્પ્યુટર માંથી, મોબાઈલ ફોનો અન્સુ કોમ્પ્યુટર (વલસાડ), ક્રિષ્ના કોમ્પ્યુટર (કીમ), સી.ટી. કોમ્પ્યુટર (અંકલેશ્વર), મીડીયા કોમ્પ્યુટર (ભરૂચ), ડીઝીટલ વર્લ્ડ (સુરત), ડી. જી. વર્લ્ડ (સુરત), બી. ટેકસ કોમ્પ્યુટર અને એકસ્પ કોમ્પ્યુટર સુરતથી છલકપટથી મેળવ્યા હતા. પ્રદીપ ઠક્કર દુકાનમાં જઈ વાતચીત કરી મોબાઈલ બગડી ગયો છે. તમારો ફોન વાત કરવા આપો મ કહી ગ્રાહકોની ભીડમાં મોબાઈલ લઈને ગાયબ થઈ ગયો હતો. દીપક ઠક્કરની અટક કરી વધુ તપાસ હાથ ધરી છે.

અનાવલના આગેવાન રસિક શાહનું કાર અકસ્માતમાં નીપજેલું મોત

મહુવાઃ મહુવા તાલુકાના અનાવલ ગામના કાપડના વેપારી રસિકભાઈ કાંતિભાઈ શાહ (ઉ. વ. આ. ૬૪)નું શંખેશ્વરથી અનાવલ પરત ફરતા મહુવા તાલુકાના વલવાડા ગામે સ્ટેટ હાઈવે નંબર ૧૬૫ પર તેમની કારના ડ્રાઈવરને ઝોકું આવી જતાં કાર ઝાડ સાથે ટકરાઈને ખાઈમાં ઉંધી પડી ગઈ હતી. કારનો દરવાજો તૂટી જતા રસિકભાઈ શાહ બહાર ફેંકાઈ ગયા હતા. તેમને ગંભીર ઈજાઓ થતા બારડોલી હોસ્પિટલમાં લઈ ગયા બાદ મૃત જાહેર કરતા અનાવલમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ છે. સદ્‌ગતના માનમાં બજાર પણ બંધ રહ્યું છે.

જાણવા મળેલી હકીકત મુજબ મહુવા તાલુકા અનાવલ ગામના આગેવાન રસિકભાઈ કાંતિલાલ શાહ અને તેમનો પરિવાર શંખેશ્વર યાત્રાએ ગયો હતો. પાછા ફરતી વખતે મળસ્કે ત્રણેક વાગ્યાના સુમારે તેઓ તેમની મારૂતિ સુઝુકી નંબર જીજે-૨૧ એમ ૪૨૩૮ને તેમનો નાનો પુત્ર કીન્તુ શાહ ડ્રાઈવિંગ કરી રહ્યો હતો. ત્યારે તેને ઝોકું આવી જતા ગાડી ઝાડ સાથે જોરથી અથડાતા તે ઉંધી વળી ગઈ હતી. દરવાજો તૂટતા રસિકભાઈ બહાર ફેંકાઈ જતા તેમને તાત્કાલિક બારડોલી ખસેડતા તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા જયારે તેમના પરિવારને વધતે ઓછે અંશે ઈજાઓ થતા સારવાર અપાઈ રહી છે.

રસિકભાઈના મૃતદેહને અનાવલ પી.એમ. રૂમમાં મૂકવામાં આવ્યો હતો. પી. એમ. બાદ તેમનો મૃતદેહ પરિવારને સોંપવામાં આવ્યો હતો. તેમની સ્મશાન યાત્રામાં અનાવલ વિભાગના ગામના લોકો જોડાયા હતા અનાવલ કાવેરી સંગમ ઘાટે તેમના અગ્નિ સંસ્કાર આપવામાં આવ્યો હતો.

ચીખલી નાકા પાસે લકઝરી અને ટેમ્પા અડફેટે બાબુ દેવજી પટેલ અને સાથીનું નીપજેલું મોત

વ્યારા ટાઉનઃ વ્યારાના સુરત-ધુલિયા રોડ પર લકઝરી બસ અને ટેમ્પા વચ્ચે અડફેટમાં આવી જતા હોન્ડા વાહન ચાલક તથા સાથી સવારનું મોત થયું હતું. ટેમ્પો વાહન ચાલક તથા સાથી સવારનું મોત થયું હતું. ટેમ્પો સોનગઢ તરફ ભાગી જતા, સોનગઢ પોલીસે તેની અટક કરી હતી. લકઝરી ચાલક વાહન મૂકી ભાગી છૂટયો હતો. વધુ તપાસ વ્યારા પોલીસ કરી રહી છે.

ટેમ્પા ચાલકની અટકઃ લકઝરી ચાલક વાહન મૂકી ભાગી ગયો

(તસવીરઃ સુરત-ધુલિયા રોડ પર થયેલ ગમખ્વાર અકસ્માતમાં વાહન ચાલકોનું મરણ તથા તેની સાક્ષી બસ.)

આજરોજ તા. ૧૦-૪-૦૯ ના બપોરે ૩.૩૦ કલાકે સુરત-ધુલિયા ને.હા.નં. ૮ ચીખલી નાકા પાસે થયેલ ગમખ્વાર અકસ્માતમાં વાહન ચાલકનું સ્થળ પર મોત થયું હતું જયારે તેના સાથીનું બારડોલી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાતા મરણ થયું હતું. જે અંગે અકસ્માત સ્થળ પરથી મળેલી માહિતી પ્રમાણે વ્યારાના સ્ટેશન રોડ પર આવેલ મહાદેવ સો મિલના માલિક બાબુ દેવજી પટેલ ઉ.વ. ૪૫ તેમના કારીગર દિનેશ કિશન ગામીત રહે. ચાપલધારી તા. વ્યારાને પોતાની સ્પેલેન્ડર હોન્ડા જીજે ૧૯ જે ૧૮૪૬ પર સવાર થઈ સુરત ધુલિયા રોડ પરની સોનગઢ તરફ જવા નીકળેલ અને તેઓ આગળ જતો ટેમ્પો જીજે ૧૯ વી ૧૯૪૨ ને ઓવર ટેઈક કરી આગળ નીકળવા જતા એજ અરસામાં સોનગઢ તરફથી આવતી લકઝરી બસ જીજે ૧૧ એકસ ૫૩૨ સાથે ભટકાતાં ઉછળીને રોડ પર આવતા ટેમ્પો ચાલક બંને પરથી પસાર થઈ પુર ઝડપે ભાગી છુટેલ જેથી મોટર સાયકલને પણ મોટું નુકશાન થયું હતું અને ચાલક બાબુ દેવજી પટેલનું સ્થળ પર મરણ થયું હતું. અકસ્માત થતા સામે સો મિલ ચલાવતા રવીભાઈ દોડી આવેલ અને સંબંધીઓને જાણ કરેલ તથા સાથે સાથે બેસેલ દિનેશ કિશન ગામીતને આખા શરીરે ગંભીર ઈજા થતાં જનક સ્મારક હોસ્પિટલ ખાતે પ્રાથમિક સારવાર આપી બારડોલી હોસ્પિટલમાં રવાના કરવામાં આવેલ. જયાં તેને દાખલ કરતા ઈજા ગંભીર હોવાથી તેનું પણ મરણ થયું હતું. લકઝરી ચાલક સાઈડ પર મુકી ભાગી છુટયો હતો જયારે ટેમ્પો ચાલક ભાગ્યાની જાણ સોનગઢ પોલીસને કરતા નાકાબંધી કરી ટેમ્પો પકડી પાડેલ અને ડ્રાઈવર બસીર શેખ સાથે વ્યારા લાવવામાં આવેલ. તથા ફરિયાદ સંબંધી ડાહ્યાભાઈ પટેલે કરતા પોલીસે તપાસ કરી રહી છે.

ગુજકેટ પરીક્ષાનું ટાઈમટેબલ

સુરતઃ એપ્રિલ માસમાં ગુજરાત માધ્ય. ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાનારી ગુજકેટ પરીક્ષાનો કાર્યક્રમ નીચે મુજબ છે,

જેની સંબંધિત પરીક્ષાર્થીઓ, વાલીઓ તથા સંબંધિત શાળાના આચાર્યોએ નોંધ લેવા જણાવાયું છે.

વિષય	તારીખ	સમય
ભૌતિકશાસ્ત્ર રસાયણશાસ્ત્ર	૧૬-૪-૦૯	૧૦થી ૧૨
જીવવિજ્ઞાન	૧૬-૪-૦૯	૧થી ૨
ગણિત	૧૬-૪-૦૯	૩થી ૪

વાગરામાં યોજાયેલ સંમેલનમાં કોંગ્રેસના ઉમેદવારને મળેલો ભવ્ય પ્રતિસાદ

ભરૂચઃ ગુજરાતની ભાજપ સરકાર માત્ર ભ્રામક પ્રચાર કરી પ્રજા સાથે છેતરપિંડી કરે છે. ખરેખર તો ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા કેન્દ્રની યુ.પી.એ. સરકારના પ્રતાપે છે. ધરતીપુત્રોનું રૂ. ૭૨૦૦૦ કરોડનું દેવું પણ કેન્દ્ર સરકારે જ માફ કર્યુ છે તેમ વાગરાના ધારાસભ્ય ઈકબાલ પટેલે સભા સંબોધન કરતાં જણાવ્યું હતું.

૧૦૮ ઈમરજન્સી યોજના ગુજરાતમાં કેન્દ્રની યુ.પી.એ. સરકારના પ્રતાપે છેઃ ધારાસભ્ય ઈકબાલ પટેલ

વાગરા ખાતે તાલુકા કોંગ્રેસ સમિતિના ઉપક્રમે યોજાયેલ જાહેર સભામાં ભરૂચ લોકસભા બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવાર અને સુપ્રસિધ્ધ સાહિત્યકાર અને લેખક એવા અઝીઝ ટંકારવી (ઉમરજી અહમદ ઉધરાતદાર) નાઓએ સાહિત્યકાર તરીકેની છટામાં 'મેં તો માંગ્યું ગુલાબનું ફુલ અને તમે બનાવ્યું સમગ્ર ઉપવન' કહેતા અઝીઝ ટંકારવી અને યુ.પી.એ. સરકારની સિધ્ધિઓ વર્ણવતા કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરામાં વર્ણવેલી ભાવિ યોજનાઓની ચર્ચા કરી હતી. ભાજપના ભ્રામક પ્રચારનો છેદ ઉડાવતા તેઓ પોતે ભરૂચ જિલ્લાના અને ટંકારીયા ગામના વતની હોવાનું જણાવ્યું હતું. જનસેવા એ તેમનો જીવનમંત્ર હોવાનું જણાવતા અઝીઝ ટંકારવીએ જાહેર ઉદબોધન કરતાં ત્રણ ટર્મથી ચૂંટાઈ આવતા મનસુખ વસાવાએ ભરૂચ જીલ્લાના વિકાસ માટે કેટલી રજૂઆતો લોકસભામાં કરી તે પૂછવાનો સમયપાકી ગયો છે તેમ જણાવ્યું હતું. ભરૂચ જીલ્લા કોંગ્રેસના પ્રમુખ જહાંગીરખાન પઠાણે કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીનો આભાર વ્યકત કરતા ૧૦૦ ટકા સોનાના ઉમેદવારને ટીકીટ આપી હોવાનું જણાવી કોંગ્રેસી કાર્યકરો અને લોકોને અઝીઝ ટંકારવી જેવા નિઃસ્વાર્થ, નિષ્પક્ષ, ઉચ્ચ-શિક્ષીત વ્યકિતને જંગી બહુમતિથી ચૂંટી લાવવા આહવાન કર્યુ હતું. જહાંગીર પઠાણે વાગરાના જોલવા ખાતે યોજાયેલી બેઠક સંબોધતા વાગરા અને દહેજ પંથકમાં વિકાસનો પાયો પનોતા પુત્ર અહમદ પટેલના પ્રયાસોથી સ્વ. વડાપ્રધાન રાજીવ ગાંધી અને સોનિયા ગાંધીએ આઈ.પી.સી.એલ. કંપની થકી નાંખ્યો હોવાનું જણાવી દહેજ અને વાગરાનો ઔદ્યોગિક વિકાસ કોંગ્રેસની દેન હોવાનું ઉચ્ચાર્યુ હતું.

આ પ્રસંગે વાગરા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ શહેરી દરબાર, મહંમદ અલી, ખેડૂત સમાજના પ્રમુખ જયેશ પટેલ, જીલ્લા પંચાયત પ્રમુખ મંગીબેન મકવાણા, સંદીપ માંગરોલા, જયકાન્ત પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ સાદાતઅલી બાપુ, ગંભીરસિંહ પરમાર ધર્મેન્દ્રસિંહ મહિડા, અંબુભાઈ મહિડા. જીલ્લા યુવક કોંગ્રેસ પ્રમુખ રાજેન્દ્રસિંહ રાણા સહિત કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

માંગરોળમાં રીસીવીંગ- ડિસ્પેચિંગ કામગીરીના કર્મચારીઓની તાલીમ

મોસાલીઃ આગામી તા. ૩૦-૪-૦૯ના રોજ યોજાનાર લોકસભાની ચૂંટણીમાં માંગરોળ અને ઉમરપાડા તાલુકામાં ચૂંટણી અંગેની સાધન-સામગ્રી સહિતની રીસીવીંગ- ડીસ્પેચીંગની કામગીરીમાં સંકળાયેલા અધિકારી અને કર્મચારીઓને આ અંગેની તાલીમ આપવા માટે મદદનીશ ચૂંટણી અધિકારી ધનસુખભાઈ પટેલના અધ્યક્ષસ્થાને એક તાલીમનું આયોજન આગામી તા. ૧૧-૪-૦૯ના શનિવારે તાલુકા મથક માંગરોળમાં આવેલ એસ. પી. એમ. હાઈસ્કૂલના ટાઉન હોલમાં બપોરે બે વાગ્યે કરવામાં આવ્યું છે.

આ કામગીરીમાં માંગરોળ અને ઉમરપાડા તાલુકામાં આવેલ મામલતદાર કચેરી, તાલુકા પંચાયત કચેરી તથા અન્ય કચેરી અને ઝોનલ ઓફિસરો થઈ અંદાજે ૨૦૦ જેટલા અધિકારી- કર્મચારીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ કામગીરીમાં સંકળાયેલા અધિકારી- કર્મચારીઓ સમયસર હાજર રહેવા જણાવાયું છે.

અંકલેશ્વરમાં કોંગ્રેસના ઉમેદવારને આવકારઃ સંપર્ક યાત્રા યોજાઈ

ભરૂચઃ ભરૂચ લોકસભા બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવાર અઝીઝ ટંકારવીનું આજ રોજ અંકલેશ્વર નગરમાં ઠેરઠેર ફૂલહારથી સ્વાગત કરી લોકોએ ઉષ્માભેર આવકાર આપી અઝીઝ ટંકારવીને જીતાડવા માટે સંકલ્પ કર્યો હતો.

અંકલેશ્વર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આજ રોજ આયોજિત જનસંપર્ક યાત્રામાં લોકસભાના ઉમેદવાર અઝીઝ ટંકારવીએ ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ફૂલહાર વિધિ કરી ત્રણ રસ્તા સર્કલથી માંડી, પીરામણ નાકા, મુલ્લાવાડ, ચોકસી બજાર, પંચાટી બજાર, ચૌટાબજાર, હસ્તી તળાવ તથા શીખ ગુરુદ્વારા સુધી યોજાયેલી જનસંપર્ક યાત્રામાં કોંગ્રેસના આગેવાનો, મહિલાઓ તથા વૃધ્ધો જોડાયા હતા. 'જય હો જય હો, કોંગ્રેસનો વિજય હો' તથા ભરૂચના પનોતા પુત્ર અહમદ પટેલ ઝિંદાબાદના ગગનભેદી નારાઓ વચ્ચે યોજાયેલી યાત્રાનું પંચાટી બજાર ખાતે દિનેશ પટેલ, સઉદ શેખ, નરેશ રાણા દ્વારા તથા ચૌટાબજાર ખાતે ઈશ્વર ઘેલા ભગત, ચૌટાબજાર યુવક મંડળના દિપક ભટ્ટ, ચિંતન પંડયા ઉપરાંત ગોયા બજાર વેપારી મંડળ અને જલારામ યુવક મંડળના હોદ્દેદારો દ્વારા લોકસભાના ઉમેદવાર અઝીઝ ટંકારવીનું ફૂલહારથી સ્વાગત કરી મિઠાઈ વહેંચવામાં આવી હતી.

આ પ્રસંગે શહેર કોંગ્રેસના આગેવાનો સુનિલ પટેલ, ભૂપેન્દ્ર જાની, બોમી કાવિના, જિલ્લા પ્રવકતા નાઝુ ફડવાલા, રત્ના વસાવા, જયશ્રીબેન મોદી, ગિરીશ પટેલ, પપ્પુ ઠાકર, સિકંદર ફડવાલા, હિતેશ હાંસોટી, જયકાન્ત પટેલ, ભૂપિન પટેલ સહિત કોંગ્રેસના અગ્રણીઓ, કાર્યકરો અને લોકો જોડાયા હતા.

ભરૂચ લોકસભાના કોંગ્રેસના ઉમેદવાર અઝીઝ ટંકારવીને કેટલાક નગરજનોએ સ્થાનિક ગટર અને પાણીની સમસ્યાના નિવારણ માટે રજૂઆતો કરતા તેમણે યોગ્ય રજૂઆત કરવા હૈયાધરપત આપી હતી.

પીપોદરા નજીક વાહન અડફેટે અજાણ્યા ઈસમનું ઘટના સ્થળે મોત

હથોડાઃ કોસંબા પોલીસની હદમાં પીપોદરા ગામ નજીક હાઈવે પર કોઈ અજાણ્યા વાહને પગપાળા ચાલતા ૪૦ વર્ષના અજાણ્યા ઈસમને અડફેટમાં લેતાં ગંભીર ઈજા થતાં ઘટના સ્થળે જ કરૂણ મોત થયું હોવાનું જાણવા મળ્યું છે.

પાલોદ પોલીસ ચોકીના જમાદાર અશ્વિનભાઈના જણાવ્યા મુજબ ગતરોજ પીપોદરા ગામમાં દાખલ થવાના સ્થળે આવેલાં ગેટ નજીક હાઈવે પરથી કોઈ ચાલીસ વર્ષનો અજાણ્યો યુવાન પગપાળા પસાર થતો હતો ત્યારે પૂરપાટ ઝડપે ધસી આવેલ અજાણ્યા વાહને યુવાનને અડફેટમાં લેતાં યુવાનનું ઘટના સ્થળે જ પ્રાણ પંખેરું ઉડી ગયું હતું.

મરનાર કયાંનો વતની છે અને કોણ છે તે હાલ તાત્કાલિક જાણી શકાયું નથી. મરનારે અર્ધી બાંયનો સફેદ શર્ટ, કથ્થઈ કલરની પેન્ટ પહેરી છે. પોલીસે લાશનો કબ્જો લઈ તપાસ હાથ ધરી છે. મરનારનો જે કોઈ વાલી વારસ હોય તેણે ઉપરોકત પોલીસ જમાદારનો સંપર્ક સાધવા જણાવાય છે.

વલથાણ ટ્રાફિક પોલીસના ડ્રાઈવર જમાદારને અકસ્માતમાં થયેલી ઈજા

ખોલવડ, બારડોલી, તા. ૧૦: ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અશોક ભટ્ટ ગત રાત્રિના કડોદરા ટ્રાફિક જામ થતાં ટ્રાફિક ખસેડવા ગયેલી વલથાણ ટ્રાફિક કચેરીની પોલીસને પરત આવતા વલથાણ ખાતે કવોલીસ સાથે અકસ્માત થતા ડ્રાઈવર અને જમાદારને ઓછી વધતી ઈજા થતા ચલથાણ સંજીવની ખાતે ખસેડાયા હોવાનું જાણવા મળેલ છે.

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ ટ્રાફિકમાં ફસાતા પોલીસ ટ્રાફિક કિલયર કરવા ગઈ હતી

મળતી માહિતી મુજબ ગત રાત્રિના આઠેકના સુમારે ને. હા. નં. ૮ વલથાણ ખાતે કાર્યરત ટ્રાફિક પોલીસને કડોદરા ખાતે રાજય વિધાનસભાના અધ્યક્ષની ગાડી ટ્રાફિક જામ થતાં અધ્યક્ષ ફસાઈ ગયા હતા. વલથાણ ટ્રાફિક પોલીસને જાણ થતાં ટ્રાફિક ખસેડવા માટે તુરંત કડોદરા પહોંચી ગયા હતા. અને ટ્રાફિક કલીયર કરી પરતઆવવા નીકળ્યા હતા. પરત આવતી વેળા વલથાણ ને.હા.નં. ૮ પાસે વિરૂધ્ધ દિશામાં ટ્રાફિક પોલીસની જીપ નંબર જીજે-૫ ૧જી- ૪૩૩૩ને મુંબઈ તરફ જતી કવોલીસ નંબર જીજે-૫ સીડી ૮૧૨૧ સાથે અકસ્માત સર્જાતાં ટ્રાફિક પોલીસની ગાડીના ડ્રાઈવર સોમા કરસન પટેલ અને જમાદાર હિતેન્દ્ર સોમસીંગ ઉદાવતને વધતી-ઓછી ઈજાઓ થતા તાબડતોડ ચલથાણની સંજીવની હોસ્પિટલમાં ખસેડાયા હતા.

આ અંગેની ફરિયાદ રાજેન્દ્ર ભાવસિંહ પોલીસ કોન્સ્ટેબલે કામરેજ પોલીસમાં લખાવતા કામરેજ પીએસઆઈ વાઘેલાએ વધુ તપાસ હાથ ધરી છે.

સક્કરપોર ભાઠાના વિનોદ વસાવાએ ઝેરી દવા પીતા સારવારને અંતે મોત

અંકલેશ્વરઃ અંકલેશ્વર પંથકમાં ત્રણ દિવસમાં આપઘાત કરવાના છ બનાવોમાં પાંચ વ્યકિતના મોત થયા છે, જયારે એક વ્યકિતનો બચાવ થયો છે, ત્યાં તા. ૮મીના રોજ સક્કરપોર ભાઠા ગામનો રહીશ વિનોદ મોરાર વસાવા (ઉ.વ. ૪૦)એ ગામની સીમમાં અગમ્ય કારણસર ઝેરી દવા પી લઈને જીવન ટૂંકાવી નાંખવાનો પ્રયાસ કરતા ગંભીર હાલતમાં ભરૂચ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરતા ત્યાં હાલત વધુ ગંભીર બનતા વિનોદ વસાવાને વડોદરા સયાજી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાતા તેનું ગઈ કાલે સારવાર દરમિયાન મોત થયું હતું.

આ અંગે અંકલેશ્વર તાલુકા પોલીસ મથકમાં અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ પોલીસે હાથ ધરી છે.

વ્યારામાં ગુડ ફ્રાઈડેની ઉજવણી

વ્યારા ટાઉનઃ વ્યારા નગર તાલુકામાં બહુલક વસતા ખ્રિસ્તી સમુદાયે પ્રભુ ઈસુના માજવોધ્ધાર દિન, ગુડ ફ્રાયડેની ઉજવણી કરી, નગર તાલુકામાં પ્રાર્થના ઘરો, દેવાલયોમાં જઈ પ્રાર્થના કરવામાં આવી હતી.

વ્યારામાં આવેલ પ્રભુ ઈસુના પ્રાર્થના ઘરોમાં ગુડ ફ્રાઈડેની જેને શુભ શ્કુરવાર તરીકે ઓળખવામાં આવે છે. ઈસુ ખ્રિસ્તે ગરીબ કચડાયેલા વર્ગની સેવા કરી પોતાની આગવી છબી બનાવી હતી. તેથી ઉચ્ચ વર્ગ તેમનાથી નારાજ થઈ દગાથી ક્રુરતાથી ક્રોસ પર લટકાવી પિડાથી માર્યા હતા.

ત્યારપછીના ત્રીજા દિવસે ઈસુ સજીવન થયા હતા. તેથી તેને ગુડ ફ્રાઈડે તરીકે વિશ્વભરમાં ખ્રિસ્તી સમાજ ઉજવણી કરે છે. આ દિવસને ખ્રિસ્તી આલમ આનંદથી ઉજવે છે. આ ઈસુના બલિદાનની દુઃખદ દિવસ હોવાથી ઈસ્ટરનું પર્વ દુઃ અને આનંદ મિશ્રિત પર્વ કહેવાય છે.

તેથી આ દિવસે ખ્રિસ્તી સમાજના નાના મોટા સૌ ચર્ચમાં જઈ પ્રાર્થનામાં ભાગ લઈ ઈશ્વરીય પ્રેરણા સંદેશાનું વાચન કરવામાં આવે છે. પ્રભુ ઈસુએ ક્રોસને ભેટી જીવન મૂલવ્યું હોવાથી ખ્રિસ્તી લોકો માને છે કે ઈસુના ક્રોસને ભેટતા પ્રેમની અનુભૂતિ મળે છે. આમ, આ દિને સવારથી જ સમાજના લોકો ચર્ચમાં ભેગા થઈ સાદગીથી પ્રાર્થનામાં ભાગ લેવા પહોંચે છે.

સાંધીએર અટોદરા માઈનોર નહેરમાંથી અજાણી મહિલાની લાશ મળી

સાયણ ટાઉનઃ ઓલપાડ તાલુકાના સાંધીએર ગામમાંથી પસાર થતી સાંધીએર - અટોદરા માઈનોર નહેરમાં અજાણી મહિલાની બિનવારસી લાશ મળી હતી. આ મહિલાના અંગે હાથમાં એલ્યુમિનિયમની બંગડી પહેરેલી હતી તથા જમણા હાથે અંગ્રેજીમાં 'K.B.'નું છૂંદણું કોતરાવેલ હતું. તેણે લીલા રંગનું બ્લાઉઝ અને આછા ગુલાબી રંગના ચણીયો પહેરેલ હતો. ઉપરોકત અજાણી મહિલાની લાશ અંગે સાંધીએરના દિપેશ બાલુ રાઠોડે સાયણ આઉટ પોસ્ટના જમાદાર હે.કો. રમેશ ચૌધરી તેઓ પોલીસ સ્ટાફ સાથે પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી.

વોટર પ્લાન્ટનું ઉદ્‌ઘાટન

મઢીઃ એમ. કે. પટેલ માધ્યમિક શાળા, મઢી ખાતે મઢી વિભાગ કેળવણી મંડળના મંત્રી શ્રી છગનભાઈ ભક્તના હસ્તે સ્વજલધારા-૨ સુરત દ્વારા ગુજરાત પેટર્ન યોજના અંતર્ગત ૩૦૦ લીટરનો ચિલ્ડ આરઓ વોટર ફિલ્ટરેશન (મીનરલ વોટર) પ્લાન્ટનું ઉદ્‌ઘાન કરવામાં આવ્યું છે.

વરેઠના રામેશ્વર મંદિર માર્ગ બિસ્માર તંત્ર તાકીદે પગલાં ભરે તેવી માગણી

ગામતળાવ, (માંડવી): માંડવી તાલુકાના વરેઠ ગામના છેવાડે આવેલા રામેશ્વર મંદિરના માર્ગની અવદશાથી લોકોમાં આક્રોશ ફેલાયો છે. આ માર્ગની છેલ્લા ઘણા સમયથી થતી રહેલી અવદશાથી સ્થાનિક રહીશો લઈ વાહનચાલકો પણ હેરાન પરેશાન થઈ રહ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર માંડવી નગરથી ૫ કિ. મી. આવેલા પૌરાણિક રામેશ્વર મંદિરના માર્ગની અવદશાથી લોકો ત્રાહિમામ થતાં વરેઠ પેટિયા ગામ માર્ગ છેલ્લા ઘણા સમયથી જર્જરીત બનતો રહ્યો છે. આગામી ચોમાસામાં આ માર્ગ પરથી પસાર થવું કઠિન બનશે. આ માર્ગ પરના થીંગડાના કારણે પણ આખો માર્ગ ઉબડખાબડ બની ગયો છે. જેના કારણે રાહદારીઓ વાહનચાલકો હેરાન પરેશાન થઈ રહ્યા છે. તંત્ર આ બાબતે તાકીદે પગલા ભરે એવી લોક માંગ છે.

જુના દીવાથી મહિલા બુટલેગર ઝડપાઈ

અંકલેશ્વરઃ અંકલેશ્વર શહેર પોલીસે રેઈડ કરી જુના દીવા ગામથી દેશી દારૂ સાથે મહિલા બુટલેગરને ઝડપી પાડી છે.

ચૂંટણી પહેલા ભરૂચ જિલ્લામાં દારૂની રેલમછેલ થશે ત્યારે થોડા દિવસ અગાઉ જીન કમ્પાઉન્ડમાંથી માતા-પુત્ર રૂ. ૫૦ હજારના વિદેશી દારૂ સાથે ઝડપાયા હતા, ત્યાં ગઈ કાલે મોડી રાત્રે અંકલેશ્વર શહેર પોલીસ મથકના પો.ઈ. પટેલે પોલીસ સ્ટાફ સાથે જુના દીવા ગામ ખાતે મીના ઠાકોરના ઘરે રેઈડ કરતા વિદેશી દારૂની ૭૦૦ બોટલો (કીંમત રૂ. ૫૫,૧૦૦) મળી આવતા પ્રોહિ. એકટ મુજબ અટક કરી તેની સામે શહેર પોલીસ મથકમાં પો.સ.ઈ. બી. પી. પ્રજાપતિએ ફરિયાદ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

માંડવીમાં સીલ કરેલા કેરીના રસના સ્ટોલ ફરી ચાલુ થઈ ગયા

તરસાડાઃ માંડવી એસ.ટી. ડેપો પાસે તથા નવા વિસ્તારમાં ચાલતા કેરીના રસના ચાર સ્ટોલ પાલિકાના ચીફ ઓફિસર ડી. કે. વ્યાસ તથા સ્ટાફે સ્થળ પર જઈને કેરીના સ્ટોલને સીલ મારીને સેમ્પલ લીધા હતા અને કડક કાર્યવાહી કરી હતી પરંતુ બે-ત્રણ દિવસ બાદ કેરીના રસના સ્ટોલ ફરી ચાલુ થઈ જતા લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે.

માહ્યાવંશી વિકાસ મંચના કાર્યક્રમો

મોરથાણાઃ માહ્યાવંશી વિકાસ મંચના નેજા હેઠળ એપ્રિલ માસમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી છે.

આગામી ૧૪મી એપ્રિલના રોજ કામરેજ તાલુકાના માંકણા ગામે સાંજે ૪-૩૦ કલાકે ડૉ. બાબાસાહેબ જન્મ જયંતી નિમિત્તે મંચના મે. ટ્રસ્ટી મનહર પટેલની અધ્યક્ષતામાં યુવા સંમેલન યોજાયો. જેમાં ૫૦૦થી વધુ યુવાનો સમાજ સંગઠનના સોગંદ લેશે તથા સમાજમાં શિક્ષણનો વ્યાપ વધારવા ભાવિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. કાર્યક્રમમાં કેપ્ટન અમૃત માણેક ખાસ મુંબઈથી ઉપસ્થિત રહેશે.

વધુમાં ૧૯મી એપ્રિલના રોજ સવારે ૯ કલાકે બારડોલી તાલુકાના માણેકપોર ગામે સમાજનું વિશાળ સંમેલન યોજાશે. ગુજરાત, સંઘ પ્રદેશ અને મુંબઈમાં સમાજ સંગઠન માટે કામ કરતી સમાજની એક માત્ર સંસ્થા મંચના નેજા હેઠળ ઉમરગામથી મહેગામ ૩૪૦ કિ. મી.ની મહાયાત્રાની સફળતા બાદ મહાયાત્રામાં મોટરસાયકલ સાથે જોડાયેલા ૨૫૧ યુવાનોને અભિવાદનપાત્ર અર્પણ કરવામાં આવશે.

મહાયાત્રામાં મુંબઈ, સંઘપ્રદેશ અને ગુજરાતના અંદાજે ૫૦ હજારથી પણ વધુ ભાઈ-બહેનોએ પ્રત્યક્ષ યા પરોક્ષ ભાગ લીધો હતો. મહાયાત્રામાં સમાજ સંગઠન, શિક્ષણ સાથે બેટી બચાવ અભિયાનનો કાર્યક્રમ આપી અન્ય સમાજને પણ માર્ગ બતાવ્યો છે. માણેકપોર ખાતે અભિવાદન સમારોહમાં પધારવા સમાજના ભાઈ-બહેનોને અપીલ કરવામાં આવી છે.

લોક ભાગીદારી અને વર્ક ઓર્ડર વિના બનેલા

બારડોલી પાલિકાના શાસકોએ આંતરિક રસ્તાના નાણાંનું ચૂકવણું કરતાં વહીવટ સામે શંકા

બારડોલી, તા. ૧૦: બારડોલી નગરપાલિકાના બળવાખોર શાસકો નગરના આંતરિક રસ્તા લોકભાગીદારી વિના અને વર્ક ઓર્ડર વગર બનેલા રસ્તાના નાણા કોન્ટ્રાકટરને ચૂકવણું કરી દેવા માટે ઉતાળવિયા બની સરકયુલર ઠરાવ કરી નગરસેવકોની સહી કરાવવાની પેરવી શરૂ કરતાં શાસકોના વહીવટ સામે શંકા ઉભી થઈ છે.

સરકયુલર ઠરાવ કરી સહી કરાવવાની પેરવી શરૂ કરી

નગર સેવકોમાં ચાલતી ચર્ચા મુજબ કોન્ટ્રાકટરને આ અટકાવેલ નાણા આપી તેમાંથી ચૂંટણી ફંડમાં અમુક ટકા આપી દેવાની બાંહેધરી લઈ બળવાખોર પ્રમુખ શાંતુ પટેલ અને ઉપપ્રમુખ અજય અધ્વર્યુએ જવાબદારી ઉપાડી છે. સુરત જિલ્લા ભાજપ સંગઠનના હોદ્દા પર ચીટકી રાજીનામુ ન આપતા ભાજપના નગરસેવકોમાં અસંતોષ ઉભો થયો છે.

સૂત્રો દ્વારા જાણવા મળતી માહિતી મુજબ બારડોલી નગરનાં આંતરિક રસ્તા બનાવવા માટેનો વર્ક ઓર્ડર એક કોન્ટ્રાકટરને આપ્યો હતો. કોન્ટ્રાકટરને સામાન્ય સભામાં મંજુર થયેલા અને લોકભાગીદારીવાળા રસ્તાની યાદી આપવામાં આવી હતી. જે મુજબ કામગીરી ચાલી રહી હતી. આ દરમ્યાન બળવાખોર પ્રમુખ શાંતુ પટેલ ઉપપ્રમુખ અજય અધ્વર્યુએ પોતાના સભ્યોને સાચવવા માટે લોકભાગીદારી વિના અને વર્ક ઓર્ડરમાં સમાવેશ ન થયેલા રસ્તાના કામો કરાવી લેતાં નગરપાલિકામાં ભારે વિવાદ ઉભો થયો હતો.

ટી. પી. ચેરમેન દીપક શાહ તથા ભાજપનાં વફાદાર સભ્યો અને કોંગ્રેસના સભ્યોએ ગત સામાન્ય સભામાં આંતરિક રસ્તામાં ૨૫ ટકા લોક ભાગીદારી જમા કરાવ્યા પછી જ કોન્ટ્રાકટરને ચૂકવણું કરવું અને વર્ક ઓર્ડર વિનાના રસ્તાના નાણાં ન ચૂકવવા એ અંગે ચર્ચા બાદ મતદાન સાથે બહુમતીનાં જોરે ઠરાવ કરતા લઘુમતિમાં આવી ગયેલ બળવાખોર શાસકોની કપટનીતિમાં સફળ થયા ન હતા. બાદમાં બળવાખોરી ભાજપમાં જોડાતા વિરોધ પક્ષે કોંગ્રેસના ચાર સભ્યો રહી ગયા હતા. બાદમાં નગરપાલિકા દ્વારા સરકયુલર ઠરાવ કાઢવામાં આવ્યો છે. જેમાં કોંગ્રેસના સભ્યોનાં રસ્તાનો કામોનો પણ સમાવેશ કરી દેતાં કોંગ્રેસના સભ્યો પણ ચૂપ થઈ ગયા છે. સરકયુલર ઠરાવનાં લોકભાગીદારીભર્યા વિનાના અને વર્ક ઓર્ડર આપવા સિવાયના રસ્તાનાં કામો મંજૂર કરવામાં આવે છે. સાંઈનગરની કબીરનગર થઈ મદીનાનગર તરફ જતો રસ્તા પર સી.સી. રોડ બનાવવામાં એમ. એલ. એ. ગ્રાન્ટ કરતાં રૂા. ૧.૫૦ લાખનું કામ વધારાનું કરેલું છે.

જેને બહાલી આપી અને ચૂકવણું કરવાનું નક્કી કરવામાં આવે છે. આ સરકયુલર ઠરાવ નગરસેવકોમાં વહેતો થતાં સંનિષ્ઠ નગરસેવકોમાં બળવાખોર પ્રમુખ-ઉપપ્રમુખની ચેષ્ટા સામે નારાજગી ઉભી થઈ છે.

બેટી બચાવો ઝુંબેશ નિમિત્તે

દિલ્હીથી રાજપીપળા આવેલી સ્કેટર શીતલ પંડયાનું થયેલું સ્વાગત

ભરૂચઃ બેટી બચાવો ઝુંબેશ નિમિત્તે દિલ્હીથી નીકળી રાજપીપળા આવી પહોંચતા સ્કેટર શીતલ પંડયાનું ભવ્ય સ્વાગત કેન્સર પીડિતો માટે રૂ. ૧૬.૫ લાખ એકત્ર કર્યા છે.

કેન્સર પીડિતો માટે રૂ. ૧૬.૫ લાખ એકત્ર કર્યા

ભારતની જાણીતી સ્કેટર શીતલ પંડયા કેન્સર પિડીતોને સહાયભૂત બનવાના ઉદ્દેશથી જાન્યુ. ૨૦૦૯ના રોજ દિલ્હીથી નીકળેલી શીતલ પંડયા સ્કેટીંગ કરતા કરતા રાજપીપળા આવી પહોંચતા તેનું ભવ્ય સ્વાગત કરાયું હતું. ૫૧૩૨ કિ. મી.ની ૧૪૦ દિવસની બેટી બચાવો અભિયાન સ્કેટીંગ દોડયાત્રાએ નીકળેલ શીતલ પંડયા ૬ રાજયોમાં બેટી બચાવો અભિયાન દ્વારા જાગૃતિના પ્રયાસો કરી રહી છે આ યાત્રા દરમ્યાન ૧૬.૫ લાખનું દાન એકત્ર કેન્સર પિડીતો માટે કર્યા છે. અખિલ ભારતીય અગ્રવાલ સંમેલનના પ્રદેશ મહિલા મંચ દ્વારા સેટીંગ રેલી ૨ જાન્યુ. ૨૦૦૯ના રોજ દિલ્હીથી નીકળેલ છે. પ્રજાનો અૂભતપૂર્વ સહકાર મળી રહ્યો છે. આ અભિયાનમાં તેણી સાથે પિતા જગદીશ પંડયા, વ્રજ પટેલ, મુંબઈના પ્રતિક વ્યાસ યાત્રામાં જોડાયા હતા.

નેત્રંગમાંથી સટ્ટા બેટિંગનાં સાધનો સહિત ત્રણને ભરૂચ એસ.ઓ.જી.એ ઝડપી પાડયા

નેત્રંગઃ નેત્રંગ ટાઉનમાંથી સટ્ટા બેટીંગના સાધનો સહિત ત્રણને એસ.ઓ.જી. પોલીસ ભરૂચે ઝડપી પાડતા સટ્ટા બેટીંગ પત્તા પાનાના જુગાર રમતા અને રમાડતા તત્ત્વોમાં ફફડાટ ફેલાયો છે. બીજી તરફ સ્થાનિક પોલીસ તંત્ર ઉંઘતું ઝડપાયાનું ચર્ચાઈ રહ્યું છે.

ભરૂચ જિલ્લા પોલીસ વડા ત્રિવેદીની બદલી થયા બાદ પુરા જિલ્લામાં સટ્ટા બેટીંગ, પતાળાનો જુગાર રમતા અને આંકડા લખતા તત્ત્વો તેમજ દેશી વિદેશી દારૂનો ધંધો કરતા બુટલેગરોએ રાહતનો દમ લઈને પોતાનો ધંધો બેરોકટોક ફરીથી શરૂ કરતા નેત્રંગ પંથકમાં પણ સટ્ટા બેટીંગ, પત્તા પાના જુગારીઓ, દેશી-વિદેશી દારૂનો ધંધો કરતા બુટલેગરો સક્રિય થઈ ધંધો શરૂ કરી દીધેલ છે.

નેત્રંગ ટાઉનમાં સટ્ટા બેટીંગનો ધંધો ખુલ્લેઆમ ચાલતા આજરોજ ભરૂચની એસ.ઓ.જી. પોલીસે નેત્રંગ ટાઉન કરતા સટ્ટા બેટીંગના જેવાનું પેન, કાર્બન પેપર, સ્લીપો સહિત બુટલેગર મહેશભાઈ છોટાલાલ મોદી રહે. પારસીનીચાલ અને (૨) શૈલેષભાઈ પટેલ રહે. દર્શના નગર નેત્રંગની ઉપરોકત સાધનો સહિત રોકડા રૂપિયા પાંચસો સહિત ઝડપીપ ડી વાલિયા પોલીસ સ્ટેશનમાં માનીલાલ મુળજીભાઈ એ.ઓ.જી. ભરૂચના ફરિયાદ આપી બંને આરોપીને જેલભેગા કર્યા છે.

નેત્રંગ ટાઉનમાં સટ્ટા બેટીંગનો ખુલ્લેઆમ ધંધો કરતા તત્ત્વોમાં ફફડાટ ફેલાઈ ગયો છે. નેત્રંગ પંથક ખુલ્લેઆમ ચાલતા સટ્ટા બેટીંગના તેમજ દેશી વિદેશી દારૂનો ધંધો કરતા તત્ત્વોમાં પોલીસ સતત લાલ આંખ રાખે તેવું ખુલ્લામાં ચર્ચાઈ રહ્યું છે.

હાર્દિક આભાર

સુનીલભાઈ પટેલ
પ્રમુખશ્રી

બારડોલી વિધાનસભા મતક્ષેત્રમાં ભારતીય રાષ્ટ્રીય યુવક કોંગ્રેસની યોજાયેલી ચૂંટણીમાં પ્રમુખપદે સુનીલભાઈ આઈ. પટેલ (ગાંગપુર) તથા કમીટી સભ્યો અને ડેલીગેટની વરણી બદલ પલસાણા તાલુકા કોંગ્રેસ તરફથી હાર્દિક શુભેચ્છા પાઠવવામાં આવે છે.

તુષારભાઈ ચૌધરી
સંસદસભ્યશ્રી

શુભેચ્છકો

કેશવભાઈ રાઠોડ (પલસાણા તાલુકા કોંગ્રેસ પ્રમુખ)
ઈસ્માઈલ અબોવટ (બલેશ્વર)
અજયસિંહ દેવધરા (અંત્રોલી)
ધર્મેન્દ્રસિંહ સોલંકી (તા.યુવા પ્રમુખ)
જનકભાઈ પટેલ (સુ.જિ. કિસાન સેલના ઉપપ્રમુખ)
મિનેશભાઈ પટેલ (એના)
ભગવાનસિંહ પઢિયાર (કડોદરા)
લલ્લુભાઈ પટેલ (પલસાણા તાલુકા કોંગ્રેસ મહામંત્રી)
ડૉ. નટવરસિંહ સોલંકી (માજી તાલુકા પં.પ્રમુખ)
સાબેરભાઈ મલેક (મલેકપોર)
રસીદભાઈ પટેલ (મલેકપોર)
વિનુભાઈ પટેલ (ધામડોદ)
ઉકાભાઈ રાઠોડ (બલેશ્વર)
ઈશ્વરભાઈ ઢોડિયા (ગંગાધરા)